**Notification**
**Under**
**The Gujarat Land Grabbing (Prohibition) Act, 2020.**
ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ, ૨૦૨૦ હેઠળ

જાહેરનામું.

મહેસૂલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૦૨૦.

ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ, ૨૦૨૦.

ક્રમાંક. એલ૧:- ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ, ૨૦૨૦ (સન ૨૦૨૦ના ગુજરાતના ૧૧મા)ની કલમ ૧૬ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:-

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ**.- (૧) આ નિયમો ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) નિયમો, ૨૦૨૦ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. **વ્યાખ્યા**.- (૧) આ નિયમોમાં સંદર્ભથી અન્યના અપેક્ષિત ન હોય તો,-

(ક) 'અધિનિયમ' એટલે ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ, ૨૦૨૦;

(ખ) 'કોર્ટ' એટલે અધિનિયમની કલમ ૭ હેઠળ રચવામાં આવેલી વિશેષ કોર્ટ;

(ગ) 'નમૂનો' એટલે આ નિયમો સાથે જોડેલો નમૂનો;

(ઘ) 'કલમ' એટલે અધિનિયમની કલમ;

(ચ) 'ગામ' એટલે ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ ૭ક હેઠળ જાહેર કરેલું મહેસૂલી ગામ;

(૨) આ નિયમોમાં વાપરેલા પણ વ્યાખ્યાયિત ન કરેલા અને અધિનિયમમાં વ્યાખ્યાયિત કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, અધિનિયમમાં તેનો અનુક્રમે જે અર્થ આપ્યો છે તે થશે.

૩. અરજી કરવા માટેની કાર્યરીતિ.-

(૧) વિવાદીત જમીન જે જગ્યાએ આવેલી હોય તે વિસ્તાર પર હકુમત ધરાવતા જિલ્લા કલેક્ટરને વ્યક્તિગત અથવા ટપાલ દ્વારા અરજી કરવી જોઇશે;

(૨) દરેક અરજી ઠરાવેલા નમૂનામાં કરવી જોઇશે અને અરજદાર દ્વારા યોગ્ય રીતે સહી કરવી જોઇશે અને ખરાઇ કરવી જોઇશે;

(3) દરેક અરજી સાથે, અરજદારને જેના પર આધાર રાખવાનું ધાર્યું હોય તે તમામ દસ્તાવેજોના દરેક પાના પર યોગ્ય રીતે સહી કરીને તેને ત્રણ નકલમાં રાખવી જોઇશે;

(૪) અરજીની સ્વીકૃતિ પહોંચ અપાવી જોઇશે અને તે હેતુ માટે નિભાવવામાં આવતા રજિસ્ટરમાં તેની નોંધ કરવી જોઇશે.

૪. **અરજી ફી..** આ અધિનિયમ હેઠળની દરેક અરજી સાથે અરજી ફી રૂા.૨૦૦૦/- પૂરા ઇલેક્ટ્રોનિક માધ્યમથી ચૂકવવી જોઇશે.

૫. સમિતિ દ્વારા તપાસ:-

(૧) અરજી મળ્યેથી કલેક્ટર, સંબંધિત પ્રાંત અધિકારી અને / અથવા પોતે યોગ્ય ગણે તેવા પોલીસ અધિકારી સહિતના બીજા કોઇ અધિકારીને તપાસ સોંપશે;

(૨) સરકારી જમીનના કિસ્સામાં અથવા જે વ્યક્તિ પર જમીન પચાવી પાડવાનો આરોપ મુકવામાં આવ્યો હોય તે વ્યક્તિ માથાભારે વ્યક્તિ હોય તેવા કિસ્સામાં, કલેક્ટર અથવા રાજ્ય સરકાર આપમેળે ગુનાની ન્યાયિક નોંધ લઇ શકશે અને ત્યારબાદ પેટા-નિયમો (૩) થી (૧૦) અનુસાર પગલાં લેવા જોઇશે.

(3) અરજી મળ્યેથી, પ્રાંત અધિકારી અથવા જેમને અરજી મોકલવામાં આવી છે તેવા અધિકારી, સંબંધિત સત્તાધિકારીને તમામ વિગતો ધરાવતો અહેવાલ અને તેમના દ્વારા આપવામાં આવેલી પરવાનગી, સુસંગત દસ્તાવેજો સાથે ૫ દિવસની અંદર રજૂ કરવા જણાવશે:

(૪) જુદા જુદા સત્તાધિકારીઓ તરફથી મળેલા અહેવાલો અને રેકોર્ડના આધારે અરજદારની પ્રથમ દૃષ્ટિએ કાયદેસર સ્થિતિ સુનિશ્ચિત કરવા માટે, તપાસ હાથ ધરવી જોઇશે; અને જમીનના માલિકી હકને સ્થાપી શકાશે કે કેમ તે અંગેનો નિર્ણય જણાવવો જોઇશે;

(૫) પ્રાંત અધિકારી અથવા જેને અરજી મોકલવામાં આવી હોય તેવા અધિકારીએ, વિવાદીત જમીન અનધિકૃત રીતે, બળ વાપરીને, ધમકી, ધાકધમકી આપીને અને છળકપટથી અથવા છેતરીને, છેતરપિંડી કરીને અને/અથવા બનાવટી દસ્તાવેજ કરીને વિવાદીત જમીનનો કબજો

ધરાવવામાં આવ્યો છે અથવા કબજો ધરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે કે કેમ તે તપાસ હાથ ધરવી જોઇશે;

(૬) પ્રાંત અધિકારી અથવા કલેક્ટર-એ અધિકૃત કરેલા અધિકારીએ, અરજી મળ્યાની તારીખથી ૨૧ દિવસની અંદર કલેક્ટરને આખરી અહેવાલ રજૂ કરવો જોઇશે. અહેવાલમાં અધિનિયમ હેઠળ પ્રથમ દ્રષ્ટિનો ગુનો સ્થાપિત થાય છે કે નથી થતો તે બાબત જણાવવી જોઇશે; સમિતિ પોતે જરૂરી જણાય તો વધુ તપાસ માટે પણ જણાવી શકશે.

(૭) સરકાર દ્વારા જોડેલી શરતો સાથે કોઇ વ્યક્તિને ફાળવેલી હોય અથવા પટે આપેલી હોય તેવી જમીનનો અનધિકૃત, ચાલુ રાખેલો કબજો, સક્ષમ સત્તાધિકારી દ્વારા રદ કરવામાં આવ્યો હોય અથવા પટો પૂરો થયો હોય અને તે તાજો કરવા માટેની અરજીની વિચારણા કરવામાં આવી ન હોય, ત્યારે તેવા કિસ્સામાં, સમિતિ, આવા સંજોગો હેઠળ, આવા કૃત્યને જમીન પચાવી પાડવા તરીકે ગણી શકશે;

(૮) સમિતિએ તપાસ અહેવાલની વિચારણા કરવી જોઇશે અને ૨૧ દિવસની અંદર એફ.આઇ.આર. દાખલ કરવા સહિતની આગળની કાર્યવાહી કરવાનો નિર્ણય કરવો જોઇશે;

(૯) સમિતિ, પોલીસને એફ.આઇ.આર. દાખલ કરવાનો આદેશ કરે પછી બનતી ત્વરાએ, તે (એફ.આઇ.આર.), કામકાજના ૭ દિવસોની અંદર દાખલ કરવી જોઇશે;

(૧૦) સંબંધિત તપાસ અધિકારીએ, પ્રથમ માહિતી અહેવાલ (એફ.આઇ.આર.)ની તારીખથી ૩૦ દિવસની અંદર ખાસ કોર્ટ સમક્ષ છેવટનો અહેવાલ રજૂ કરવો જોઇશે.

૬. **સમિતિની સત્તા અને કાર્યો.-**

(૧) સમિતિની બેઠક, અધ્યક્ષ નક્કી કરે તેવા સમયે અને સ્થળે પંદર દિવસમાં ઓછામાં ઓછી એક વખત બોલાવવી જોઇશે;

(૨) જિલ્લા કલેક્ટરને, ઠરાવેલા નમૂનામાં મળેલી તમામ અરજીઓ/ફરિયાદો, સભ્ય-સચિવ મારફત સમિતિ સમક્ષ મૂકવી જોઇશે;

(૩) સમિતિએ તપાસ અહેવાલની ચકાસણી કરવી જોઇશે અને આગળની કાર્યવાહી અંગેનો નિર્ણય કરવો જોઇશે અને યોગ્ય જણાય, તો તે કેસ, કલમ ૯ હેઠળ અદાલતી કાર્યવાહી શરૂ કરવા માટે ખાસ કોર્ટને મોકલવો જોઇશે અને સમિતિના નિર્ણયની અરજદારને જાણ કરવી જોઇશે.

૭.   (પુછાણ માટે) કેસ મોકલવાની ખાસ કોર્ટની સત્તા.-

ખાસ કોર્ટ, અધિનિયમની કલમ ૯(૧) હેઠળ, આપમેળે અથવા કોઇ વ્યક્તિએ કોર્ટને કરેલી અરજી પરથી, કોર્ટે જેની ન્યાયિક નોંધ લીધી હોય તેવી કોઇ બાબત, સમિતિને (પુછાણ માટે) મોકલી શકશે અને નિયમ ૫ મુજબ સમિતિ પાસેથી ચકાસણી અહેવાલ માંગી શકશે.

**નમૂનો**

[જુઓ નિયમ ૩(૧)]

અરજીનો નમૂનો

પ્રતિ,

જિલ્લા કલેક્ટર,

...................................

૧. અરજદારનું પૂરું નામ .................................. .

૨. પિતાનું/પતિનું નામ ..................................

૩. સરનામું:-

(ક) પ્લોટ નં./ બ્લોક નં./ મકાન નં. ..................................

(ખ) વિસ્તાર ..................................

(ગ) ગામ ..................................

(ઘ) તાલુકો ..................................

(ચ) જિલ્લો ..................................

૪. પ્રતિવાદી(ઓ)ના નામ અને સરનામા:-

(ક) નામ ..................................

(ખ) પિતાનું/પતિનું નામ ..................................

(ગ) પ્લોટ નં./ બ્લોક નં./ મકાન નં. ..................................

(ઘ) વિસ્તાર ..................................

(ચ) ગામ ..................................

(છ) તાલુકો ..................................

(જ) જિલ્લો ..................................

(•એક કરતા વધારે પ્રતિવાદી હોવાના કિસ્સામાં, દરેક પ્રતિવાદીનું નામ અને સરનામું અલગ દર્શાવવું.)

૫. પચાવી પાડેલી હોવાનું કહેવાતી જમીનની વિસ્તૃત વિગતો:-

(ક) મોજણી નં. ..................................

(ખ) શહેર મોજણી નં. ..................................

(ગ) વોર્ડ નં. ..................................

(ઘ) બ્લોક નં. ..................................

(ચ) ટીપી/ એફપી નં. ..................................

(છ) ગામ ..................................

(જ) તાલુકો ..................................

(ઝ) જિલ્લો ..................................

૬. જમીનની જંત્રીની કિંમત (રૂપિયામાં) ..................................

૭. જમીન પર કોઇ મકાન અથવા માળખું છે કે કેમ? ..................................

૮. દાવાને લગતી તમામ સંબંધિત હકીકતોનું સંક્ષિપ્ત નિવેદન (જરૂર જણાય, તો વધારાનું પત્રક ઉમેરવું) ..................................

૯. રજૂ કરવા ધાર્યો હોય તે પુરાવાનો સારાંશ ..................................

૧૦. જેના પર આધાર રાખ્યો હોય તે દસ્તાવેજોની ખરી નકલો ..................................

૧૧. મિલકતની ઓળખ કરતી બીજી સંબંધિત વિગતો ..................................

૧૨. અરજદાર રજૂ કરવા ઈચ્છતા હોય તેવી કોઈ બીજી વિગતો ..................................

હું, આથી, મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ જાહેર કરું છું કે ઉપર રજૂ કરેલી માહિતી અને વિગતો અને તેના બિડાણ પૂરા, સંપૂર્ણ અને ખરા છે.

..................................................

સ્થળ: ..............................

**અરજદારની સહી/ અંગૂઠાનું નિશાન.**

તારીખ: ..............................

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

( )

સરકારના ઉપસચિવ.